સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
ફોન : ૨૩૨૨૬૨૫૧

'બધા ને મળશે નોકરી' એવી જમાનત દૈ દો!
- ને મેરીટ તથા લાયકાતને દિવાસળી દૈ દો!
દૈ દો પલિતો સરકારી કામની ગુણવત્તાને -
બધા સમાજોને વસ્તી-પ્રમાણે અનામત દૈ દો!

હાઈકુ

કર્યું ઉંબાડ્યું
સળગ્યો વિખવાદ -
નાત-જાતનો..

નેતાઓ ખૂશ!
અનામત ના ચૂલે -
સીજે ખીચડી..

(લ્યો! હવે 'પટેલો' પણ પછાત!?)(ફેલાવે અરાજકતા)

ચિંતન

વાગ્યાદમર્થ સંબંધં પરોક્ષે દારદર્શનમ્ ।
પદીચ્છેદ્વિપુલાં પ્રીતિં ત્રીણિ તત્ર ન કારયેત ॥

જેની સાથે ગાઢ સ્નેહસંબંધ અને પ્રેમાળ સંબંધ કાયમી જાળવી રાખવા ઇચ્છતા હોઇએ તેની સાથે આ ત્રણ બાબત ન કરવી (૧) વાણી દ્વારા ચર્ચા-વાદ-વિવાદ, (૨) પૈસાની લેવડદેવડ ઉધારીનો સંબંધ (૩) અને મિત્રની ગેરહાજરીમાં તેની સ્ત્રીનું દર્શન.

સામાજીક જીવન-વહેવાર સારી રીતે નિભાવવા માટે પણ કેટલીક અલિખિત આચાર-સંહિતા છે જેમાંથી કેટલીક અહીં આપી છે. મૈત્રી જો લાંબી અને નિષ્ઠાપૂર્વક, વાંધા-વચકા વિના, સ્નેહપ્રેમથી ચાલું રાખવી જ હોય તો પૈસાની લેવડ-દેવડ, ઉધાર-લેતી-દેતી ન કરવી. એને કારણે પૈસાથી હિસાબ અને મનની વૃત્તિ બગડે છે અને સ્નેહસંબંધ પર એની અસર પડે છે.

ચર્ચા-વાદ-વિવાદથી ઉશ્કેરાટ આવી જવા સંભવ રહે છે અને મનમાં ખટાસ આવી જાય છે.

મિત્રની ગેરહાજરીમાં શંકા જાય એવું કોઇ જ વર્તન ન કરવું જોઇએ તેની સ્ત્રી સાથે વાત-મૂલાકાત પણ ન કરાય તો સારું..

સુવિચાર

- સબકા દર્દ વહી બાંટેંગે જો દુઃખ સહને વાલે હૈ.., સાયા કરને વાલે બાદલ સર પે ધૂપ સંભાલે હૈ... - નદીમ શાહ
- ઇમાનદાર માણસ માટે એ પણ જરુરી છે કે એ લોકોને નેક કામ માટે પ્રેરે થતા લોકોને બુરા કામ કરતા રોકે - હદિસ બોધ
- શ્રેષ્ઠ વર્તન ધનથી પ્રાપ્ત થતું નથી.. પરંતુ શ્રેષ્ઠ વર્તનથી ધન પ્રાપ્ત થાય છે - એસ. ભટ્ટાચાર્ય
- અસત્ય દરેક કુટેવો અને ગુનાઓનું મૂળ છે - ઝેન કથન
- ભૂતકાળ ઉપયોગી છે પણ માત્ર પ્રેરણા લેવા પૂરતો - અમૃતબિંદુ
- ભાગ્ય પણ કેવું ઘડ્યું છે, ઇશ્વરે ખેતર ખોવાય ત્યારે હળ મળે - હર્ષ બ્રહ્મભટ્ટ
- ઇશ્વરનું ઇ-મેઇલ એડ્રેસ શોધવું હોય તો બાળકની આંખોમાં ઝાંખીને જોવું પડે- જીવન શિક્ષણ

(સંકલન : દિપક વી. આસરા)

બોધ કથા

આપણે કોઇ પણ ફરજ 'પતાવવા'ની રીતે-વેઠ ઉતારી કરી નાખીએ છીએ. સ્ત્રી રસોઇ કરી દસ વાગ્યામાં જેમતેમ વેઠ કરી ફગાવી દે - તૈયાર કરી રાખી દે - જેને જયારે ખાવું હોય તે ખાય! કોઇ પણ કામ કલાત્મક રીતે-ઉત્તમ થાય - સંપૂર્ણ ચોકસાઇથી શરુ કરી - પૂરું કરવું જોઇએ - વેઠ તો નહીં જ.

ચિત્રકામની પરિક્ષા હતી. બધાં બાળકોને બે કલાકમાં 'કુદરતી દૃશ્ય' દોરવાનું હતું... છેલ્લી પરીક્ષા હતી એટલે થાકેલા-કંટાળેલાં કેટલાંય બાળકો તો દોઢ કલાકમાં 'ચિત્ર'ની વેઠ ઉતારી ઘરભેગાં થઇ ગયાં. પરંતુ શિક્ષક જે જાતે જ ચિત્ર શિક્ષક અને પરીક્ષક હતા. એ છેલ્લો વિદ્યાર્થી ચિત્ર પુરું કરે એની રાહ જોતા બેસી રહ્યા હતા.

સમય પૂરો થવાનો ઘંટ વાગ્યો. પણ વિદ્યાર્થી તલ્લીન હતો. એણે ઘંટ ન સાંભળ્યો. શિક્ષક કહે - દર પાંચ મિનિટ વધારે લઇશ તેમ તારા પાંચ-પાંચ માર્ક કપાઇ જશે - માટે ચિત્ર ભલે અપૂર્ણ રહે - પણ હવે મને આપી દે!

વિદ્યાર્થી કહે, સર, હું કાયમ 'પૂર્ણતા'નો આગ્રહી છું. કોઇ પણ કાર્ય ઉત્તમ રીતે પૂર્ણ થાય એવો જ મારો પ્રયત્ન હોય છે. હું ચિત્ર મારા પ્રયત્નથી સંપૂર્ણ જ કરીશ.

શિક્ષકને જવાબથી સંતોષ થયો. એ બાળક મોટા થઇ વિશ્વ પ્રસિદ્ધ ચિત્રકાર મનજીત બાવા થયા.

Email - sureshchandrabhatt18@gmail.com

બિનજરૂરી વિવાદો સર્જતા સત્તાપક્ષના સાંસદો

તંત્રી સ્થાનેથી....

વડાપ્રધાન નરેન્દ્ર મોદીનો કડપ ગુજરાતમાં ચાલી શકતો હતો એટલો દિલ્હીમાં નથી ચાલતો. બોલકા સાંસદો અને પાર્ટીના જવાબદાર હોદ્દેદારો છાશવારે વિવાદાસ્પદ નિવેદનો કરી કરી એમની મુશ્કેલી વધારતા રહે છે. સંઘ સંપૂર્ણપણે મોદીની તરફેણમાં છે, એથી રામમંદિર જેવા મુદ્દે એણે ઘણા સમયથી ચુપકીદી સાધી રાખી છે. સંઘના પ્રવક્તાને જયારે આ વિશે ખુલાસો કરવાનું કહેવાય છે ત્યારે તેઓ રામમંદિર બાંધી નાખવાની કશી ઉતાવળ નહીં હોવાનું અને સમય આવશે ત્યારે એ બંધાશે - ખુદ ભગવાનની જ ઇચ્છા હશે ત્યારે દુનિયાની કોઇ તાકાત એને રોકી નહીં શકે, એ મતલબનાં મોઘમ નિવેદનો કરી વાતનો વીંટો વાળી દે છે. વિશ્વ હિંદુ પરિષદના વરિષ્ઠ નેતા સિંઘલ પણ શક્ય હોય ત્યા સુધી આ મુદ્દે ચૂપ રહેવાનું પસંદ કરે છે, પરંતુ વિશ્વહિંદુ પરિષદના આંતરરાષ્ટ્રીય મહામંત્રી ડૉ. પ્રવીણ તોગડિયા અવારનવાર વડાપ્રધાન તેમજ ભારતીય જનતા પાર્ટીને મૂંઝવણમાં મુકાવું પડે એવાં નિવેદનો ઝીંકતા રહે છે. વચ્ચે એમણે અત્યંત સ્પષ્ટ શબ્દોમાં કહ્યું હતું કે ભાજપ પાસે પૂરતી બહુમતી છે, એટલે એણે વેળાસર અયોધ્યામાં રામમંદિર બાંધી દેવું જોઇએ. બીજી તરફ ભાજપનાં રાષ્ટ્રીય અધ્યક્ષ અમિત શાહે પાર્ટી પાસે બે તૃતીયાંશ સંખ્યા નહીં હોવાથી આ મુદ્દો અપ્રસ્તુત હોવાનું જણાવ્યું હતું. સૌથી વધુ વિવાદ સાતુસંતોમાંથી રાજકારણી બનેલા ભગવાધારી નેતાઓ ઊભો કરતા રહે છે. એમાં કયારેક ગોરખનાથ પીઠના પીઠાધીશ સામેલ થઇ જાય છે તો કયારેક સાક્ષી મહારાજ અથવા સાધવી મંત્રી, સાક્ષી મહારાજ છેલ્લા કેટલાક સમયથી 'વિવાદ શિરોમણિ' બની રહ્યાં છે. વારંવાર સાંસદોને વિવાદાસ્પદ નિવેદનોથી દૂર રહેવાની સલાહ આપતા રહેતા વડાપ્રધાન કે પાર્ટીના રાષ્ટ્રીય અધ્યક્ષની અપીલને એમને કોઇ જ અસર થતી નથી. છેલ્લે સાક્ષી મહારાજે સોનિયા ગાંધી અને રાહુલ ગાંધીએ ઇટાલી ચાલ્યા જવું જોઇએ, એવું વિવાદાસ્પદ નિવેદન કર્યું છે. કદાચ એથી એમનો પ્રશંસક જનસમુદાય રાજી થયો હશે, પરંતુ વડાપ્રદાન માટે તો આવાં નિવેદનો શિરોવેદના સમાન જ બની રહે છે તે સમજી શકાય એવું છે. વડાપ્રધાન પોતે ચૂંટણી પ્રચાર દરમિયાન અને કવચિત વિદેશ પ્રવાસ દરમિયાન પણ એમની જૂની ટેવ મુજબ કોંગ્રેસ પાર્ટી તથા સવિશેષ નહેરુ-ગાંધી પરિવાર વિશે ઘસાતી કોમેન્ટ્સ કરતા રહ્યા છે. આથી તેઓ એમના સાંસદોનાં મોં બંધ કરી શકતા નથી. વિશેષપણે ભગવાધારી સાંસદો તો એમને કંઇ પણ બોલી નાખવાનો વિશેષાધિકાર મળી ગયો હોય એવાં આડેધડ-મોં માથા વગરનાં નિવેદનો ઝીંકતા રહે છે. યુપીએ-૨ સરકારમાં ઉત્તરપ્રદેશનું જ પ્રતિનિધિત્વ કરતા એક મંત્રી આ પ્રકારના નિવેદનો કરીને તત્કાલીન વડાપ્રધાન ડૉ. મનમોહન સિંહ તથા સોનિયા ગાંધીની મુસીબત વધારતા રહેતા તે યાદ આવે છે. રાહુલ ગાંધીએ જયારે પાર્ટીમાં સૂત્રો પાછલા બારણે હસ્તગત કરીને દેશભરનાં ખેડૂતો અને યુવાનો વચ્ચે ઊજળી ઇમેજ ઊભી કરી છે ત્યારે એમને ઇટાલી ભેગા થઇ જવાની સલાહ આપનારા સાક્ષી મહારાજ પ્રત્યે દેશની પ્રજાને સૂગ જ થાય. શું આ બધાં પાર્ટીના આંતરિક અસંતુષ્ટોના અસંતોષની અભિવ્યક્તિ હશે? ગુજરાતી વડાપ્રધાન અને ગુજરાતી પાર્ટીપ્રમુખ સામેનો છૂપો વિરોધ વ્યક્ત કરવાના કારસા હશે? સમય જ આવા સવાલોનો જવાબ આપી શકે.

વન મહોત્સવ એટલે વૃક્ષને જાળવવા

વાત વખતની

- ડૉ. નાનક ભટ્ટ

વરાહ પુરાણમાં મુનિઓને વિચરતાં વૃક્ષો કહ્યાં છે અને વૃક્ષોને સ્થિર ઊભેલા મુનિ તરીકે જાણ્યા છે :

''રોપયતિ વૃક્ષાન્ યાતિ પરમાં ગતિમ્ ।'

તેમ કહી ઋષિએ કહ્યું કે જે મનુષ્ય સર્વ પ્રાણીઓના ભોગ માટે વૃક્ષો રોપે છે, તે પરમ ગતિને પામે છે. 'રોપયિત્વા સશાખાંસ્તુ નરઃ ન નર વ્રજતે ।' કહી ઋષિ તેના શિષ્યને કહે છે કે જે મનુષ્ય શાખા અને ઉપશાખાવાળા વૃક્ષો રોપે છે, તે નરકમાં જતો નથી. અગ્નિ પુરાણની ઋચામાં કહેવાયું છે, 'ફૂલ અને ફળથી સુગંધિત વૃક્ષો જે મનુષ્ય રોપે છે તે જ્ઞાની પુરુષ સમૃદ્ધ દેશમાં ઉત્તમ ગૃહમાં નિવાસન કરીને મનોવાંછિત વરદાન પ્રાપ્ત કરે છે.' 'તેપુત્રાઃ ધર્મતોસ્મૃતાઃ' જગદ્‌ગુરુ શ્રીકૃષ્ણે વૃક્ષોને ધર્મ પ્રમાણેના પુત્રો ગણ્યાં છે.

છતાં આજે એક સશક્ત વ્યક્તિનું મૃત્યુ થાય ત્યારે તેના અગ્નિદાહ પાછળ આઠ મણ એટલે કે ૧૬૦ કિલો લાકડું રાખ કરી દેવામાં આવે છે. ત્રણથી આઠ ઇંચ જાડાઇ ધરાવતાં ગોરસઆંબલી, પીપર, કોશિયો, બાવળ, સાજડ જેવા પાંચજલાઉ વૃક્ષોને સ્મશાન માટે ઉતારવામાં આવે ત્યારે પોતાના પ્રાણ ધરી દેનાર વૃક્ષો તો તેમના ધર્મ અનુસાર મૃતાત્માને અગ્નિસંસ્કાર આપી પંચમહાભૂતમાં વિલીન કરે છે. પરંતુ લૌકિક કરનાર ઉત્તરાધિકારી 'વૃક્ષોમાં હું પીપળો છું.' તેમ કહી વૃક્ષોમાં પોતાનું આશ્ચર્ય બક્ષનાર ભગવાન શ્રીકૃષ્ણના ગુનેગાર બની ઘેર પાછા ફરે છે.

કુરાને - શરીફ વૃક્ષને અલ્લાહતાલાની ઝિક્ર કરતી તસવીર ઘણે છે. આથી જ મુસલમાન ભાઇ જન્નતનશીન થાય છે ત્યારે તેને દરખની છાયામાં જમીન નીચે પાંચ-સાત ફૂટ ઊંડે મસ્જિદમાંથી મૌલવીએ આપેલ ખૂશ્બુ વચ્ચે દફન નાવવામાં આવે છે અને દફન સમયે સહુ ત્રણ ત્રણ મુઠ્ઠી માટી નાંખી અરબી આમીન પઢી કહે છે : 'નલકનાકુ વહીફા, નીઇહુકુમ વોમીનહા, નુખરી ઝકુમ, તા-રતન ઉર્ભરા' યાની, 'માટીમાંથી પેદા થયા, આ માટીમાં મળી જવાનું છે અને ફરી આ જ માટીમાં ઊભા કરવામાં આવશે.'

બૌદ્ધ ધર્મમાં પણ પુનર્જન્મનો સ્વીકાર કરાયો છે. કર્મનો સિદ્ધાંત પણ પુનર્જન્મને નકારતો નથી. પરંતુ નવા જન્મ સમયે કોઇ શેતાની તત્ત્વ જીવ સાથે ભળી ન જાય તેથી ડેડ બોડીને કોફિનમાં મીઠા સાથે રાખી જમીનમાં ઉતારી દેવા ખ્રિસ્તીઓ યહોવાહના પુત્ર જિસસ અને પવિત્ર આત્મા જે મૃતાત્માના વિરામને શાંતિ બક્ષે છે તે પુત્ર અને પવિત્ર આત્માના નામે શ્રદ્ધાંજલિ આપે છે. 'પરોપકારાય સંતામ્ ।' કહેનાર મનસ્મૃતિએ સાધુ-સંતોનાં શરીરને જળસમાધિસ્થકરવા આજ્ઞા કરી છે અને ગરુડપુરાણમાં નાની વયના શરીર અને કેટલાક વર્ણોને દાહથી મુક્ત રાખી ષટ્‌પિંડ સંસ્કારનું તર્પણ યથોચિત ગણ્યું છે.

તે છતાં હિન્દુસ્તાનમાં રોજ ૧૬૦૦ ટન લાકડું મનુષ્યના દેહવિસર્જન માટે હોમાઇ જાય તે કેવી હિંસા!!! ભારત સરકારના બિનપારંપરિક ઊર્જા વિભાગના વડા ડૉ. એન. એ. માથુરના અભ્યાસલેખ - 'ધ ઇકોનોમિક્સ ઓફ એનર્જી પ્લાંટેશન'ના પ્રયોગોના આધારે જમાવાયું છે કે એક કિલો કેલેરી લાકડું બડે છે ત્યારે ૩૭૦૦ કિલો કેલેરી ઊર્જા પેસા થાય છે અને માણસના મૃત શરીરને નાશ કરવા ૬૫૦ થી ૭૦૦ ડિગ્રી સેન્ટીગ્રેડ ઉષ્ણતામાનની જરુરત રહે છે, તે સ્થિતિએ પહોંચવા ૫,૯૨,૦૦૦ કિલો કેલરહી ઉર્જાનો વપરાશ થાય છે. આ ઉર્જાનો સકારાત્મક ઉપયોગ ન થઇ શકે?

ગુજરાત રાજયના એનર્જી ડેવલપમેન્ટ વિભાગના કચ્છ જિલ્લાના અબડાસા ક્ષેત્રના નવીકરણ કાર્યક્રમના પરિણામ આધારે જોવા મળે છે કે એક હેકટરમાં ૧૦૦૦ વૃક્ષ વાવીએ અને તેને પાણી પાઇ માવજતથી ઉછેરવામાં આવે તો ૫ વર્ષે ૧૦૦ ટન લાકડું મળે છે. આનો અર્થ એ કે રાજકોટ, ભાવનગર, જામનગર જેવા મોટા શહેરોમાં મૃત્યુ પામતા દેહો ચાર દિવસે એક હેકટરનું વૃક્ષોનું હર્યુંભર્યું જંગલ સાફ કરી નાખે છે!!!

સંત સમા દ્વેષહીન વૃક્ષોને સાચા અર્થમાં તારણહાર કહેનારા ગ્રંથસાહેબે વૃક્ષના વિવેકપૂર્ણ ઉપયોગનું શબદકીર્તન કર્યુ છે અને વૃક્ષોને ન સાચવનારનું જીવન ઝૂંટવાઇ જશે તેવી ભવિષ્યવાણી ભાખી છે. ભારતીય સંસ્કૃતિની યશોગાન સમાન સ્કંદપુરાણમાં કહેવાયું છે કે જે કોઇ મનુષ્ય નગર કે વૃશ્ર તોડે છેતે જૂંભણ નામના ભયંકર નર્કમાં પડે છે. પુરાણો કહે છે કે કુળની તથા ધનની વૃદ્ધિ કાયમ રહે એમ ઇચ્છતા હો તો, વૃક્ષો કદાપિ કાપતા નહીં.

ગુજરાતમાં મુઠ્ઠી ઊંચેરા સેવક રવિશંકર મહારાજ ઘસાઇને ઊજળા થવાની શીખ દેતા. ભાગવત કથાકાર ડોંગરેજી મહારાજ ગાતા, 'ધૂપસળી સમ સુગંધ દેતાં આયુષ પુરું કરવું છે.' ત્યારે વિચારીએ કે જીવતા જીવ બીજાને ખપમાં અવાયું ન અવાયું, પરંતુ મરતી વેળાએ સંતો જેવા વૃક્ષોને બાળી હવામાં ૩૦ ટકા કાર્બન ડાયોકસાઇડ, ૨૦ ટકા કાર્બન મોનોકસાઇડ ઉપરાંત દેહના પ્રદૂષણને શા માટે પર્યાવરણમાં ભેળવી છીએ? એના કરતાં મૃત શરીરને જમીનમાં દફનાવી તેના પર એક વૃક્ષ રોપવાનો સંકલ્પ કરાય તો શરીરમાંના નાઇટ્રોજન, હાઇડ્રોજન, મેગ્નેશિયમ, ફોસ્ફરસ અને મિનરલ્સ જમીનમાં ભળશે ને ધરતીમાતા સમૃદ્ધ થશે.

૨૧મી સદીના પ્રારંભે દેશનું પર્યાવરણ નાજુક સ્થિતિમાં મુકાઇ ગયું છે અને ઇશ્વરની કરૂણારુપ વર્ષાને ધરતી ઉપર ઉતારનારા વૃક્ષો ખૂટી રહ્યાં છે. ત્યારે સ્થિતિની ગંભીરતા સમજી વૃક્ષોને કપાતાં અટકાવીએ. કચ્છના વૈષ્ણવ દંપતી કાન્તિસેન અને ચંદાબહેન શ્રોફે પોતાનાં શરીર મા-ધરતીને સોંપી એક વૃક્ષના ખોરાક બની પરહિત માટે ખૂપી જવાનો સંકલ્પ લીધો છે. તે પ્રકારે તમામ પર્યાવરણ પ્રેમી પોતાના દેહને અંતકાળે વૃક્ષને સમર્પિત કરવા સંકલ્પબદ્ધ થાય તો આપણી ભાવિ પેઢી ગૌરવભેર ગાન કરી કહી શકે, 'વૃક્ષોની નિત્ય વૃદ્ધિ કરનાર હે પૃથ્વી તું અતિ શીલવતીછે. પુણ્ય અને દ્રવ્ય દેનારી છે અને સર્વનું પાલન કરનારી છે. આથી હે માતા, તને સદા નમસ્કાર.'

મૃતાત્માને પંચ મહાભૂતમાં ભેળવવાનો વિચાર વિશ્વની તમામ સંસ્કૃતિઓએ અપનાવ્યો છે. હિંદુઓ અગ્નિ તત્ત્વમાં શરીરને વિલીન કરે છે, તો મુસ્લિમો અને ખિસ્તીઓ પૃથ્વી તત્ત્વમાં, પારસીઓ અન જરથૃષ્ટો આકાશ તત્ત્વમાં મૃત શરીરને નાશ ઇચ્છે છે. તો તિબેટના બૌદ્ધ પરંપરા શબને પહાડ ઉપરથી ખીણમાં ગબડાવી વાયુ તત્ત્વની સાર્વત્રિક સત્તામાં શરીરને ભેળવી દે છે.

પંચ મહાભૂતમાં વિલય પામતા નશ્વર દેહના વિસર્જન માટે પણ વિભિન્ન પદ્ધતિ પ્રચલિત છે. ગુજરાતમાં ભરૂચ પાસે વિલન્દા ગામે ડચ વહાણવટીઓની કબરો મોજૂદ છે. આ જયુઇશ યાત્રિકોની કબરોમાં શબને સ્નેહના પ્રતીકરુપે પવિત્ર દોરાઓથી વીંટી ઊગતાં સૂર્યની દિશામાં, તેજોમય ઇશ્વર તરફ પ્રાર્થના અવસ્થામાં ઊભું દફનાવવામાં આવતું. તો મુસ્લિમ બિરાદરો જે માટીમાંથી માનવ દેહ બન્યો છે તે પવિત્ર માટી ફરીથી માણસને જન્મ આપશે તેવા આશયથી દેહને જમીનમાં વિશ્રામસ્થિતિમાં સુવાડે છે.

(અનુસંધાન પાના નં. ૬ પર)

પ્રાયવસીને બંધારણીય મૂળભૂત અધિકાર ગણેલ નથી

વાત કાનૂન કાયદાની...

- અશ્વિન વી. ત્રિવેદી
એડવોકેટ
atopcl@gmail.com

જો વાણી સ્વાતંત્રતા એ મૂળભૂત અધિકાર હોય તો પ્રાયવસી પણ મૂળભૂત અધિકાર હશે જ એમ દરેક જણ સમજતું હોય છે પરંતુ તેમ નથી બંધારણમાં પ્રાયવશીને મૂળભૂત અધિકારમાં સમાવેશ નથી આ મુદ્દા ઉપર કાયદાવિદ્દોએ ચર્ચા શરૂ કરેલ છે અને બંધારણમાં સુધારાની માંગ પણ કરેલ છે કેટલાક કેસોમાં અદાલતને પ્રાઇવસીને મૂળભૂત અધિકાર ગણી ચુકાદાઓ પણ આપેલ છે અને એકાંત અંગતતા, ગુપ્તતા એ આ દેશમાં જો ટોયલેટ પણ એકાંતમાં ના હોય તો પ્રાયવસીને મૂળભૂત અધિકારને બદલે વૈભવ ગણવામાં આવે છે.

પરંતુ એન.ડી.એ. સરકારે સુપ્રિમ કોર્ટમાં એવી રજુઆત કરેલ છે કે પ્રાયવસી એ નાગરિકોનો મૂળભૂત અધિકાર નથી આ રજુઆત આધાર કાર્ડની વિગતોને લગતા કેસની છે. આધાર કાર્ડથી વ્યકિતની પ્રાયવેટ વાતો જાહેર થઈ જવાની દહેશત છે. આધારા કાર્ડમાં વ્યકિતની અંગૂઠાની છાપ અને આંખની કિકિની બાયોમેટ્રીક છાપ તરીકે લેવામાં આવે છે આની સામે કેટલાકને વાંધો છે.

સારા વહીવટ માટે ગુન્હાખોરીને અંકુશમાં લેવા માટે આ વ્યાજબી છે પરંતુ આવી માહિતી ફરજીયાત કરવા સામે લોકોનો વાંધો છે. આ માહિતી મેળવવામાં સરકાર સુરક્ષા જાળવી શકતી નથી આ માહિતીની ચોરી પણ થઈ શકે છે માટે આવી છાપ લેવાનો સરકારનો નિર્ણય વ્યકિતના મૂળભૂત બંધારણીય અધિકાર ઉપર તરાપ મારનાર છે.

૧૯૫૪ માં આઠ જજની લાર્જર બેન્ચે સુપ્રિમ કોર્ટમાં પ્રાયવસી ને લગતો ચુકાદો આપેલ છે કે રાઈટ ટુ પ્રાયવસી એ મૂળભૂત બંધારણીય અધિકાર નથી કેટલું અને કેવું જાહેર કરવું, ના કરવું એ સરકારની મુનસુફી છે આજદિન સુધી ૧૯૫૪ ની આટ જજની બેન્ચનો ચુકાદો જ માન્ય ગણવામાં આવ્યૂ છે સરકાર વતી એર્ટની જનરલે દલીલો કરી છે કે છ દાયકા જુના કાયદાને વળગી રહેવું હવે શકય નથી કારણ કે બંધારણ એ જીવંત દસ્તાવેજ છે અને બદલતા જતા સમય સાથે તેનું નવેસરથી અર્થઘટન કરવું જોઈએ.

સરકારની દલીલો સાંભળી જજે અવલોકન કર્યું કે પ્રાયવશી એ મૂળભૂત અધિકાર નથી પરંતુ મૂળભૂત અધિકારમાં તેનો સમાવેશ કેરવો કે નહિ તે તપાસ માંગી લે તેમ છે અને મૂળભૂત અધિકાર આપવાનું કામ સુપ્રિમ કોર્ટનું જ છે અને દરેક સામાન્ય નાગરિકના મંતવ્ય આ બાબતે મેળવી ત્યારબાદ જ નિર્ણય લઈ શકાય માટે હવે આ મુદ્દો ચર્ચાનો વિષય બનેલ છે. મીડીયા, રાજકિય પક્ષો, વિશ્લેષકો, વિવેચકો, કાયદા વિદ્દો વિગેરેમાં પ્રાયવસી એ બંધારણીય મૂળભૂત અધિકાર ગણવો કે નહિ તે માટે જાહેર ચર્ચા યોજાશે, પરિસંવાદ થશે ત્યારબાદ સુપ્રિમ કોર્ટ કોઈ નિર્ણય પર આવશે.

સ્માર્ટ ફોન પર દોસ્તીદાવે કરેલ વાતો ભવિષ્યમાં જાહેર થાય તો સામેવાળી વ્યકિતનો વિશ્વાભંગ થાય છે. આપણા મોબાઈલ નંબરો લઈ માર્કેટીંગ કરતા કંપની દ્વારા સમય કસમયે થતા ફોન પણ પ્રાયવસીનો ભંગ સમાન છે. બદઈરાદા સાથે થતા સ્ટીંગ ઓપરેશનો તથા પ્રાઈવેટ ડિરેકટીવ ના કાર્યોથી પણ વ્યકિતની પ્રાયવસીનો સરેઆમ ભંગ થાય . રાજકિય પક્ષોના અગ્રણીઓએ કરેલ વાતો ભવિષ્યમાં લીક થતા રાજકિય ધરતીકંપ ઉદ્દભવે છે કેટલાક ગૃપો દ્વારા થતા સરકાર વિરોધી કાર્યોની યોજનાઓ ફોન ટેપીંગથી લીક થતા પ્રાયવસીનો ભંગ થયેલ છે અને સરકાર પક્ષે આવા ફોન ટેનીંગથી વ્યકિતઓની ધરપકડ કરેલ છે જે વ્યકિત સ્વાતંત્રતાના ભંગ સમાન છે. આપણા દેશમાં પ્રાયવસી ભંગએ સામાન્ય છે વિદેશમાં આને ખુબ જ મહત્વ આપેલ છે અને માનવીય અધિકાર ગણેલ છે પરંતુ આપણા દેશમાં જાહરેમાં શૈચ કરતા વ્યકિતની શું પ્રાયવશી?

(અનુસંધાન પાના નં. ૬ પર)

અભાવ આંતરિક લાગણી છે તેના કારણે આપણે મનમાં અધુરપનો અનુભવ કરતા હોઇએ

સંસ્કાર ચિંતન

- અનંત ન. વ્યાસ

યત્ પૃથિવ્યાં વ્રીહિયવં, હિરણ્યં પશવઃ સ્ત્રિયા
ન દુહ્યન્તિ મનઃ પ્રીતિં યુસઃ કામહૈતસ્ય તે ન જાતુ કામઃ કામનામુપયોગેન શામ્યતિ હવિષા કૃષ્ણવર્તમેવ મૂયઃ એવામિવર્ધતે ॥

'પૃથ્વી પરનું સમસ્ત ધાન્ય, સુવર્ણ, પશુ અને સ્ત્રીઓ, આ સૌ સાથે મળીને પણ જે પુરુષ કામનાઓથી આહત હોય છે તેને સંતોષ આપી શકે નહિ.'

- શ્રીમદ ભાગવત ઇ.૧૯ ૧૩/૧૪

શ્રીમદ ભાગવત પુરાણમાં ભગવાન શ્રીકૃષ્ણના ચરિતોની સાથોસાથ માનવ ચિત્તનું અગાધ ઊંડાણ તથા મનની વિચિત્રતાઓનું વિશિષ્ટ નિરુપણ ખાસ ધ્યાન ખેંચે છે. પાણીના પૂર જેમ સાત આઠ દાયકા પૂરા થઇ જાય ત્યાં સુધી માણસને ખબર પડતી નથી કે જાગૃત થવાનો સમય તો વહી ચાલ્યો. જે પુરુષ એકવાર સમયસર જાગૃત થઇ ગયો તેનો તમામ કાર્યો સરળતાથી ઉકેલતા જાય છે. આપણું આ જીવન અસંખ્ય સમસ્યાઓથી ભરેલું છે. સમસ્યાના પ્રવાહો દિનરાત વહેતા હોઇ આપણે પણ રાત-દિવસ દોડતા રહીએ છીએ. કશું પ્રાપ્ત કરવા જીવન સંધ્યાએ કશું મેળવવા તલસતા હોઇએ છીએ પણ ન તો કશું પ્રાપ્ત થાય છે. ન તો આ જીવન સમજાય છે. બસ એક દિવસ યમ રાજાનો હાત પડે છે ને પાછાં લાંબા ચક્કરમાં ચાલ્યા જઇએ છીએ. સમસ્યાઓનો ઊકેલ મળતો નથી ને સમસ્યાઓ તો આપણને છોડતી નથી. સમસ્યાના, પ્રશ્નોના કુંડાળામાં પડેલો માનવ વિચારે છે કે આનો કોઇ અંત ખરો? કોઇ એવો ઉપાય છે કે આ તમામ પ્રશ્નો તુમ સ્પષ્ટ પણે ઉકેલાઇ જાય. તમામ સમસ્યાના આપણ વિવિધ પ્રશ્નોના મૂળમાં છે? જો તમો તમને સતાવતા સામાજિક કે આર્થિક પ્રશ્નોના મૂળ શોધશો તો તમને જુદું જાણવા મળશે.

શિયાળો નજીક આવે છે ને મારી પાસે ગરમ કપડાં નથી. મને તેનો અભાવ સાલે છે. ગરમ કપડાં પ્રાપ્ત કરવા અર્થાત મારા અભાવને પુરવા હું પ્રયત્ન કરું છું. તેમાંથી વિવિધ સમસ્યાઓ ઊભી થાય છે. આમ જુઓ તો દરેક પ્રશ્ન પાછળ અભા કારણભૂત હોય છે. સ્થૂળ કે ભૌતિક સંપત્તિનો અભાવ થોડો સમય ખખરે છે ને પદાર્થ પ્રાપ્ત થતા નવા પદાર્થની શોધ તરફ મન વળે છે. આમ અભાવની સ્થિતિ આપણા મનમાં ખાલીપો સર્જે છે. આ ખાલીપાને સમજ્યા વિના તેને ભરવા માટે સર્જાયો તો સમજાશે કે આપણી કામનાઓ જ આ પ્રકારનો ખાલીપો સર્જે છે. આપણે પોતાની જાતને અપૂર્ણ માની પૂર્વાતા પ્રાપ્ત કરવા પ્રયત્નો કરીએ છીએ જે પૂર્ણ છે તેને તો કોઇ ખાલીપો સાલતો નથી. પરંતુ અભાવને પુરવા માટે ઘણીવાર વણજોતા પ્રયત્ન કરતા હોઇએ ત્યારે પ્રાપ્તિ થતી નથી. જયારે આપણને જાણ થાય કે સમસ્યાનું મૂળ તો આપણા મનમાં પડેલી કામનાઓ જ છે. ત્યારે એ ઇચ્છાઓને સંતોષવા માટે વિચારતા થઇએ. પરંતુ ઇચ્છાઓ તો પેલી કથાના ઢૂંઢા - રાક્ષસ જેવી હોય છે. તે કયારેક પણ પુરી થતી નથી. એક ઇચ્છા પૂરી હશે ત્યા તો તેના જ અનુસંધાને દસ નવી કામનાઓ જન્મે. જે એ માટે તમે પ્રયત્નો કરવા લાગો તો તેનો કયારેય અંત ન આવે. તેથી કામનાઓ માટે કંઇક જુદું વિચારવું પડે. ભર્તુહરિએ જેમ કહ્યું છે કે ભોગ તો આપણને જ ભોગવે છે. તૃષ્ણા જીર્ણ નથી થતી આપણે જીર્ણ થતા જઇએ છીએ. એટલે ઇચ્છા પર કાબુ પ્રાપ્ત કરવો અથવા તો મનમાં કોઇ ઇચ્છા ન જન્મે તેવી સ્થિતિ પ્રાપ્ત કરવાનો જ માર્ગ રહે છે. જેમ ઇચ્છાના મૂળમાં અભાવની લાગણીઓ છે તેમ ઇચ્છાપૂર્તિમાં કામના સંતોષવાની ભાવના હોય છે.

અભાવ આંતરિક લાગણી છે તેના કારણે આપણે મનમાં અધુરપનો અનુભવ કરતા હોઇએ. આ અધૂરપ ચિત્તમાં ખટકો પેદા કરે. શાનો અભાવ વર્તાય છે તે ન સમજાય. પરંતુ થોડી જાગૃતિ હોય તો ચિત્તમાં વેદના થાય. ધીમે ધીમે સમજાય - આ આત્માનો તો અભાવ ન હોઇ શકે. આત્મા તો સદૈવ હાજર જ હોય છે પરંતુ આપણને જે સાલે છે તે વૃત્તિના કારણે આપણી ભોગવૃત્તિ પદાર્થોથી નથી જ સંતોષાતી. પદાર્થ તો ભૌતિક છે. પદાર્થ સ્થૂળ હોય કે સૂક્ષ્મ હોય તેનો સંતોષ થાય પરંતુ પ્રાપ્ત કરવાની વૃત્તિ કયારેય ન સંતોષાય. અગ્નિમાં અપાતી દરેકે દરેક આહુતિ અગ્નિ પ્રદિપ્ત કરવાનું જ કાર્ય કરે. અગ્નિની શાંતિ તો પાણી દ્વારા જ થાય. ભોગવૃત્તિનો નાશ વધારે ભોગથી નહિ પણ તેના પર અંકુશ મેળવાથી થાય. ભાગવત કારણનું મંતવ્ય ઉપર સ્પષ્ટ જણાવ્યું છે જે વ્યક્તિ કામનાઓથી ઘેરાયેલો છે. કામના જેનું મૂળ છે તેને કયારેય સંતોષ થતો નથી. શ